# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) **કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સ્ટાર્ટઅપ્સ સ્થાપતી વખતે સમાજ અને દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા જણાવ્યું**
2) **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં વેજલપુર સ્ટાર્ટ અપ ફેસ્ટિવલના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો**
3) **ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલે એક કરોડ 26 લાખ રૂપિયાના માદક પદાર્થો સાથે બે નાઇજિરીયન નાગરિકોની ધરપકડ કરી**
4) **આગામી ચાર દિવસમાં રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી**
5) **આઇપીએલની 18મી આવૃત્તિનો થોડી વારમાં પ્રારંભઃ - પ્રથમ મેચ કોલકાતા નાઇટ રાઇડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે**

........................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VEJALPUR START UP PIYUSH GOYAL

કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સ્ટાર્ટઅપ્સને નવા વિચારો અને નવીનીકરણ અપનાવતી વખતે સમાજ અને દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે.

અમદાવાદમાં વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટીવલની બીજી આવૃત્તિને સંબોધતા શ્રી ગોયલે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકા પર ભાર મૂક્યો.

દેશમાં સ્ટાર્ટઅપ માળખાને મજબૂત કરવામાં મોદી સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરતા શ્રી ગોયલે મોદી સરકારે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા લીધેલાં પગલાંની માહિતી આપી હતી.

તેમણે સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે ગુજરાતની હરણફાળની પ્રશંસા કરી હતી.

(BYTE PIYUSH GOYAL)

# VEJALPUR START UP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સ્ટાર્ટઅપ શબ્દ દેશનાં યુવાનોની ઓળખ બન્યો છે. ક્રિએટિવ થિંકિંગ, આગવી સૂઝ અને અવનવા આઈડિયા સાથે આજના યુવાનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે.

મુખ્યમંત્રીએ વિધાનસભા કક્ષાના સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ એવા વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલના બીજા તબક્કાનો શુભારંભ કરાવતા જણાવ્યું કે મહિલાઓ પણ આજે વિવિધ સમસ્યાઓનાં સમાધાન માટે નવા સ્ટાર્ટઅપ સ્થાપી રહી છે.

(BYTE: CM BUPENDRA PATEL START UP)

વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે જણાવ્યું કે વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં દેશના યુવાનો અને સ્ટાર્ટઅપ મહત્ત્વનો ભાગ ભજવશે.

વિધાનસભા કક્ષાના આ સ્ટાર્ટઅપ ફેસ્ટિવલમાં ૧,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને તેની સાથે સંકળાયેલા ૪,૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને ૫૦થી વધારે ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# GANDHINAGAR SMC –DRUGS

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ SMC એ 1 કરોડ 26 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે 2 નાઇઝીરિયનની ધરપકડ કરી છે. મહારાષ્ટ્રના વસાઈથી આવતા આરોપીઓને, વાપીથી કારમાં ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લેવામાં આવ્યા હતાં.

SMC ગાંધીનગરના નાયબ પોલીસ અધિક્ષક કે.ટી. કામરીયાએ જણાવ્યું હતું કે, આરોપીઓ મુંબઈ ખાતે ચાચુ નામના ડ્રગ્સ માફિયા પાસેથી આ ડ્રગ્સનો જથ્થો લઇને આવ્યા હતા..

(બાઈટ- કે.ટી. કામરીયા, dysp, SMC ગાંધીનગર)

કોર્ટે આરોપીઓના 7 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

# NITIAAYOG WORKSHOP –GANDHINAGR

રાજ્યમાં આગામી સમયમાં સાયન્સ ટેક્નોલોજી અને ઇનોવેશન (STI) નીતિ અંતર્ગત બે સાયન્સ અને ટેક્નોલોજી ક્લસ્ટર સ્થાપવામાં આવશે તેમ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે જણાવ્યું હતું. આજે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે "બિલ્ડિંગ સીનર્જીસ ઇન ઈન્ડીયન ઇનોવેટિવ ઇકોસિસ્ટમ" વિષય પર આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં સુશ્રી ખંધારે આ મુજબ જણાવ્યું..

(બાઇટ: મોના ખંધાર, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, અગ્ર સચિવ)

નીતિ આયોગ ,ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ અને ટેક્નોલોજી (ગુજકોસ્ટ),તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યશાળા આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી પહેલોથી પ્રેરિત નવીનીકરણ વ્યવસ્થાતંત્રને આકાર આપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

# WORLD WATER DAY

આજે રાજ્ય સહિત સમગ્ર દેશમાં વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી. રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજના દિવસે સંકલ્પ કરીને પાણીનો ખોટો દુરઉપયોગ ન કરવા તેમજ  પાણી બચાવવા માટેના ઉપાયો કરવા લોકોને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પાણીના અછતના એંધાણ વરતાઈ રહ્યા છે. પાણી એ આપણી મૂળભૂત જરૂરિયાત છે.

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટરમાં આજે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજે નિષ્ણાતો દ્વારા ચર્ચા અને ડોક્યુમેન્ટરી શો યોજાયા હતા. ઉપરાંત આજે અર્થ અવર દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જામનગરથી અમારાં પ્રતિનિધિ  જગત રાવલ જણાવે છે કે, નવાનગર નેચર કલબ દ્વારા જળ સંચય અને સંગ્રહ તેમજ સમસ્યા અને સમાધાન અંગે આજે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMERIKA

મૂળ મહેસાણાના વતની અને અમેરિકાના વર્જિનિયા ખાતે સ્થાયી થયેલા પિતા-પુત્રીની હુમલાખોરોએ હત્યા કરી છે.

મહેસાણા જિલ્લાના કનોડા ગામના મૂળ વતની એવા પટેલ પરિવારના 56 વર્ષીય પિતા અને 24 વર્ષીય પુત્રીના વર્જિનિયા ખાતે સ્ટોરમાં ઘૂસી શખ્સે ગોળીબાર કરતા મોત નિપજ્યાં હતાં. આરોપીની ધરપકડ કરાઇ છે.

# ARVALLI --ACCIDENT

અરવલ્લીના માલપુર નજીક વાત્રક નદીમાં ત્રણ યુવકોના ડૂબી જવાથી મોત થયા છે.

અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, માલપુર કસબા વિસ્તારના આ ત્રણેય યુવકો મિત્રો સાથે વાત્રક નદીના જુના પુલ પાસે નહાવા ગયા હતા. જ્યાં તેઓ નદીમાં  ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયાઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી અને ત્રણેય યુવકોને નદીમાંથી બહાર કાઢ્યા. જોકે ત્રણેયનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે માલપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# GIR SANCTUARY WATER POINT

ગીર અભયારણ્યમાં સિંહ, દીપડા સહિત વન્ય પ્રાણીઓને ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે ગીર પશ્ચિમ વિભાગ દ્વારા હાલ 271 જેટલા પાણીના કૃત્રિમ પોઇન્ટ ઊભા કરવામાં આવ્યા છે. નાયબ વન સંરક્ષક પ્રશાંતકુમાર તોમરે જણાવ્યું કે, ગીર જંગલમાં 201 જેટલા જળ સ્ત્રોત સૌર ઉર્જાથી ભરવામાં આવે છે. આ ઉપરાંત બોર અને ડંકીની મદદથી પણ જળાશયો ભરીને પ્રાણીઓ અને પક્ષીઓની તરસ છીપાવવાનો આશય છે.

શ્રી તોમરે ઉમેર્યું હતું કે બૃહદગીરના અંતરિયાળ વિસ્તારમાં પાણીના 34 પોઇન્ટમાં ટેન્કરના માધ્યમથી પાણી પહોંચાડવામાં આવે છે. ગયા વર્ષે સારો વરસાદ વરસ્યો હોવાથી ગીર જંગલમાંથી વહેતી નદી અને ઝરણાઓમાં જળ રાશિનો વિપુલ જથ્થો ઉપલબ્ધ છે.

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 4 દિવસમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની અને ચાર દિવસ પછી મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. હવાની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફ રહેશે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ તેની અસર જોવા મળશે દરમિયાન દક્ષિણ ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેશે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુ માહિતી આપી,

(બાઇટ : રામાશ્રેય યાદવ, હવામાન વૈજ્ઞાનિક)

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં 36.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજ્યમાં મહત્તમ 38.3 ડિગ્રી તાપમાન રાજકોટ ખાતે નોંધાયું છે. આગામી 24 કલાકમાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ નોધાઇ શકે છે.

# IPL CRICKET

IPL ક્રિકેટની 18મી આવૃત્તિનો થોડીવારમાં પ્રારંભ થશે. આઇપીએલની પ્રથમ મેચ કોલકાતાના ઇડન ગાર્ડનમાં વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે થશે.

આ ટુર્નામેન્ટમાં 10 ટીમો 74 મેચ રમશે. સ્પર્ધાની ફાઇનલ 25 મેના રોજ કોલકાતાના ઇડન ગાર્ડનમાં યોજાશે.

# AHMEDABAD METRO –IPL MATCH

અમદાવાદમાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તા. ૨૫ અને ૨૯ માર્ચ, ૯ એપ્રિલ તેમજ, ૨જી અને ૧૪મી મેના રોજ યોજાનારી આગામી IPL-૨૦૨૫ની ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦ વાગ્યાથી રાત્રિના ૧૨:30 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે.

મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. જેનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રૂપિયા રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઇન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી થઈ શકશે.આ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય રાત્રિના ૧૨:30 વાગ્યાનો રહેશે.